ઘેર ઉત્સવ - હોળી એટલે ઉંચ-નીચ, અબાલ-વૃદ્ધના ભેદ મિટાવતું પર્વ.... નાત-જાત કે ઉંમરથી ઉપર ઉઠીને ઉલ્લાસ પ્રગટાવતું, આનંદનો ઓચ્છવ મનાવતું. આ પર્વ એટલે રંગોત્સવ. ક્યાંક રંગથી ઉજવાય, ક્યાંક નૃત્યથી ઉજવાય, ક્યાંક નાચ-ગાનથી ઉજવાય..... ઉત્સવની એક મજા છે... ગાંધીનગરના વણજારા પરિવાર દર વર્ષે ઘેર ઉત્સવને અનોખી રીતે ઉજવે છે... સંયુક્ત સચિવ જેવા ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં પણ કે. જી. વણજારા અને પરિવાર પિડીતો, વંચિતો અને ગરીબ પરિવારો સાથે નાચ-ગાન કરીને આનંદને વહેંચે છે... સૌ સાથે મળી મસ્તીમાં ગાય છે.... નૃત્યની ઝલક વ્યક્ત કરે છે... અને કાળુજી તો અદભૂત તલવાર નૃત્ય કરી સૌને મંત્રમુગ્ધ કરે છે.... આ છે ઉત્સવની મસ્તી અને આનંદનો ઓચ્છવ.....

ગાંધી ગાર્ડનમાં ૬૦ કરોડના ખર્ચે આર્ટ ઈન્સ્ટોલેશન

વિવિધ ૧૧ સ્ટેજના સ્લોપીંગ ગાર્ડનમાં ૭૯ ભાગમાં ગાંધી મહાપ્રતોની કલાત્મક પ્રતિકૃતિઓનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૨૯

મહાત્મા મંદિર પાસે આકાર લેતા ભવ્ય ગાંધી ગાર્ડનમાં ગાંધીજીના ૧૧ મહાપ્રતો આધારિત કલાત્મક પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવશે. ગાંધી ગાર્ડનમાં વિવિધ ૧૧ સ્ટેજમાં સ્લોપીંગ બનાવી ૭૯ ભાગમાં વિભાજિત આ તમામ સ્થળોએ સમાજને સંદેશો પાઠવતી ગાંધીજીની કલાત્મક પ્રતિકૃતિઓ મુકવામાં આવશે. આર્ટ ઈન્સ્ટોલેશનની આ યોજના અન્વયે રૂ. ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં ગ-૪ થી ઘ-૪ વચ્ચેના બે લ્ટમાં સ્વર્ણિમ પાર્ક-ની મહત્વકાંક્ષી યોજનાનું કામ પ્રગતિ હેઠળ છે. સ્વર્ણિમ પાર્કમાં પ્રથમ તબક્કામાં રસ્તા અને ફૂટપાથનું કામ પૂર્ણ કરાયા બાદ પાર્કને નિખારવા લેન્ડસ્કેપીંગ લાઈટીંગ તેમજ ફૂડકોર્ટનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. હરિયાળા પાર્કમાં મહાનુભાવોના સ્ટેચ્યુઝ ઉપરાંત વોટરબોડી, ભૂલભૂલૈયા સહિતના આકર્ષણો પણ ઉભા કરવામાં આવનાર છે. રેલવે સ્ટેશન નજીક નિર્માણ કરાયેલા મહાત્મા મંદિર પાસે ભવ્ય ગાંધી ગાર્ડન નિર્માણ કરવાનું કામ પણ પ્રગતિ હેઠળ છે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર આ સ્લોપીંગ ગાર્ડનમાં ૧૧ સ્ટેજ બનાવાયા છે. ૨૨ ફૂટના ચઢાણમાં ગાંધીજીના સત્ય, અહિંસા, ચોરી ન કરવી સહિતના વિવિધ ૧૧ મહાપ્રતો આધારિત કલાત્મક પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવનાર છે. ઓપન સ્પેસમાં ગાંધીજીવન આધારિત મહાપ્રતોનું આર્ટ ઈન્સ્ટોલેશન કરવામાં આવશે. ગાંધીજીના ૭૯ વર્ષના જીવનકાળ મુજબ ગાંધીગાર્ડનમાં પણ ૭૯ જેટલા ભાગ કરવામાં આવશે જ્યારે આ પ્રત્યેક ભાગમાં ગાંધીજીએ પાઠવેલા સમાજ ઉપયોગી સંદેશાને અનુલક્ષી કલાત્મક કૃતિઓનું નિર્માણ કરાશે. ગાંધીજીના જીવનકાળના પ્રત્યેક વર્ષને પ્રેઝન્ટ કરી તે મુજબ આર્ટ ઈન્સ્ટોલેશનની ડીઝાઈન તૈયાર કરવામાં આવી છે. ઉચ્ચકક્ષાએ આ કાર્યયોજના સંદર્ભે પ્રેઝન્ટેશન પણ તૈયાર કરી દેવાયું છે. જેમાં આર્ટ ઈન્સ્ટોલેશન મુજબ લેન્ડસ્કેપીંગ કરવાનો પણ નિર્ણય લેવાયો છે. ગાંધીજીના જીવન આધારિત નિર્માણ થનારા આર્ટ ઈન્સ્ટોલેશનના આ પ્રોજેક્ટ અન્વયે અંદાજિત રૂ. ૬૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ માટે ટૂંકમાં ટેન્ડરપ્રક્રિયા હાથ ધરાશે ત્યારબાદ કામગીરી શરૂ કરાશે.

(તસવીર : દિપક જાની)

રાજ્યમાં ભૂકંપ પ્રુફ બાંધકામ માટે ત્રણ સચિત્ર પુસ્તકો તૈયાર કરાયા

કચ્છના દક્ષિણ વાગડ અને ગેડી ફોલ્ટલાઈન સક્રિય, ભૂકંપની સંભાવના સરકારે આઈઆઈટી ચેન્નાઈ અને આઈઆઈટી કાનપુરની મદદ લીધી

(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા. ૨૯

ગુજરાતમાં ભૂકંપની આપત્તિ સામે ઓછું નુકશાન થાય તે હેતુથી ભૂકંપ પ્રુફ બાંધકામો કરવાની ગાઈડ લાઈનના આપવાના હેતુથી રાજ્ય સરકારે ત્રણ અલગ અલગ પ્રકારના પુસ્તકો તૈયાર કરાવ્યા છે. બીજી તરફ કચ્ચના દક્ષિણ વાગડ અને ગેડી ફોલ્ટલાઈનની સક્રિયતાને જોતાં ભૂકંપની શક્યતા વધી જતાં સંશોધનાત્મક પ્રોજેક્ટ તૈયાર કરાવ્યો છે. સરકાર તરફથી આ બન્ને કામગીરી દેશની વિખ્યાત એવી બે આઈઆઈટી સંસ્થાઓને સોંપવામાં આવી હતી.

ગુજરાતની ભૂમિના પેટાળમાં જમીની હલચલને ધ્યાનમાં રાખી તેમજ કચ્છ અને સૌરાષ્ટ્રની નાજૂક સ્થિતિને લઈને રાજ્ય સરકારે રાજ્યમાં ભૂકંપ પ્રતિરોધક મકાનો માટે આઈઆઈટી ચેન્નાઈના પ્રો. સી.વી.આર. મૂર્તિને વહીવટી મંજૂરી સોંપી હતી. તેમના નેતૃત્વ હેઠળ આઈઆઈટીએ ભૂકંપ સંભવિત વિસ્તારોમાં મકાનોના બાંધકામમાં સંકળાયેલી ટેકનિકલ બાબતો અંગે આર્કિટેક્ટર, એન્જીનિયર તેમજ કારીગરોની ક્ષમતા વધારવા ત્રણ પુસ્તકો તૈયાર કર્યા છે.

(૧) ભૂકંપ સંભવિત વિસ્તારમાં ચણતર દ્વારા નાના મકાનોના બાંધકામ (૨) ગ્રાફિક્સ તથા કૌશલ્ય દ્વારા આરસી મકાનોની ભૂકંપીય ખાસિયતો તેમજ (૩) મકાનોમાં નોન સ્ટ્રક્ચરલ ઘટકોની સ્ટ્રક્ચરલ સલામતી, એમ કુલ ત્રણ પુસ્તકો ચેન્નાઈમાં તૈયાર થયાં છે. આ સચિત્ર પુસ્તકોમાં શબ્દો ઘણાં ઓછા છે અને સમજૂતી અત્યંત સરળ છે.

રાજ્ય સરકાર તરફથી તૈયાર થતા ગૃહ નિર્માણના મકાનોની યોજનાઓમાં આ પુસ્તકો અને તેની ટેકનિકનો ઉપયોગ કરાશે. તદ્ ઉપરાંત રાજ્યના પ્રાઈવેટ ડેવલપર્સ તેમજ બિલ્ડરો તેનો ઉપયોગ કરી શકશે. આ પુસ્તકોનો હાલ અનુવાદ ચાલી રહ્યો છે ત્યારબાદ સરકાર તેને અભ્યાસ હેતુ અમલમાં મૂકશે.

ગુજરાતની ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા કચ્છ પ્રદેશને અતિ સંવેદનશીલ ગણવામાં આવ્યો છે. તાજેતરમાં આ સંસ્થાએ તેના ભૂકંપ ડેટાના વર્ગીકરણમાં એવું જણાવ્યું છે કે કચ્છમાં ગેડી ફોલ્ટ તથા દક્ષિણમાં વાગટ ફોલ્ટ પર ભૂકંપની શક્યતાનું વિશેષ પ્રમાણ બહાર આવ્યું છે તેથી એવું સૂચન થયું હતું કે આ વિસ્તારમાં પેલિઓ સીસ્મિક સંશોધન હાથ ધરવાની જરૂર છે. શંશોધનના આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ભૂસ્તરશાસ્ત્રીઓને તાલીમ આપવી તેમજ તેમને પોતાની રીતે ભવિષ્યમાં આવા અભ્યાસો હાથ ધરવા સુસજ્જ કરવાનો હતો.

રાજ્ય સરકારે આ સૂચનને સ્વીકારી બન્ને વિસ્તારોમાં સક્રિય થયેલી ફોલ્ટલાઈનના મેપીંગ માટે આઈઆઈટી કાનપુરને કામગીરી સોંપી હતી, જેનો આખરી અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર અને સીસ્મિક સંસ્થાએ તેનું સમગ્ર ધ્યાન કચ્છની આ બે ફોલ્ટલાઈનો ઉપર કેન્દ્રીત કર્યું છે.

સે-૧ ૬માં 'ચ' અને 'છ' ટાઈપના મકાનોમાં ડહોળા પાણીની ફરિયાદ

સ્થાનિક રહીશોમાં રોગચાળાની દહેશત : છેલ્લા એક અઠવાડિયાથી પાણી ડહોળું આવે છે : રહીશો

ગાંધીનગર, તા. ૨૯

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં સેક્ટરવાસીઓને ફોર્સથી પાણી મળે તે માટે તંત્ર એ પૂર્વ તૈયારીઓ કરી દીધી છે. જૂના સેક્ટરમાં પણ સવારના સમયે કોમન સપ્લાય આપવામાં આવી રહ્યો છે ત્યારે પાણીનો ફોર્સ વધવાની સાથે કેટલાક ઠેકાણે ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદો ઉદભવી છે. સે-૧ ૬માં 'ચ' અને 'છ' કેટેગરીના આવાસમાં ડહોળું પાણી આવતા સેક્ટરવાસીઓમાં રોષ પ્રવર્ત્યો છે.

ઉનાળાની આકરી ગરમીમાં સેક્ટરોમાં પાણીની પોકાર ન ઉઠવા પામે તે માટે તંત્ર દ્વારા શહેરના જૂના અને નવા સેક્ટરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરી દેવાઈ છે. નવા સેક્ટરોને અનુલક્ષી સે-૫માં બનાવાયેલી પાણીની ટાંકી શરૂ કરી દેવાતા પાણીનો ફોર્સ વધ્યો છે. જ્યારે જૂના સેક્ટરોમાં પણ ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી અને પમ્પીંગ સ્ટેશન શરૂ કરી દેવાયા બાદ દાયકાના અંતે સેક્ટરોમાં સવારે કોમન સપ્લાય આપવાનું શરૂ કરી દેવાયુ છે. જૂના સેક્ટરોમાં પણ પાણીનો ફોર્સ વધ્યો છે જ્યારે અમુક સેક્ટરોમાં પાણીની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ મંડરાયો છે. સે-૧ ૬માં 'ચ' અને 'છ' ટાઈપ વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી ડહોળું પાણી આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. દુષિત પાણી આવતા સ્થાનિક રહીશોમાં રોગચાળાની દહેશત પ્રવર્તી છે. તંત્ર કક્ષાએથી ત્વરિત તપાસ હાથ ધરી પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

આજે અડવાણી ગાંધીનગરમાં

ગાંધીનગર, તા. ૨૯

ભાજપના રાષ્ટ્રીય અગ્રણી અને ગાંધીનગરના સાંસદ શ્રી લાલકૃષ્ણ અડવાણી આજે ગાંધીનગરના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે.

અડવાણી તેમના આ પ્રવાસ દરમિયાન ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વિજિલન્સ મોનીટરીંગ કમિટિની બેઠકમાં હાજરી આપશે.

અડવાણી જિલ્લા કક્ષાની બેઠકમાં સતત ત્રીજી વાર હાજરી આપી રહ્યા છે જેને લઈ પાટનગરમાં રાજકીય ગરમાવો આવી ગયો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શ્રી અડવાણી દિલ્હીથી સીધા ગાંધીનગર આવશે. તેઓ ગાંધીનગર આવી રાજ્યના મુખ્યમંત્રી અને તેમના પરમ શિષ્ય નરેન્દ્ર મોદી સાથે એક કલાક ચર્ચાઓ કરનાર છે. તાજેતરમાં વિધાનસભાની ચૂંટણી પછી શ્રી અડવાણી અને મોદી વચ્ચે ગાંધીનગરમાં પ્રથમ બેઠક યોજાઈ રહી છે અને હાલ વિધાનસભાનું સત્ર પણ ચાલુ છે. આ બંને નેતાઓ વચ્ચેની આ બેઠકને પાટનગરના રાજકીય વર્તુળો અતિ મહત્વની લેખાવી રહ્યા છે. ભાજપના રાષ્ટ્રીય સંગઠનમાં ફેરફારો, પ્રદેશ સંગઠનમાં ફેરફારો, રાજ્ય સરકારનું બજેટ, લોકસભાનું અંદાજપત્રનું સત્ર વગેરે વિષયોની ચર્ચા આ બેઠકમાં થાય તેવું ચર્ચાઈ રહ્યું છે.

કમિશનરની ટીમ સામે મેયરની ટીમનો છ વિકેટે વિજય

હર્ષજીત પંડ્યાએ હેટ્રીક મેળવી : બન્ને ટીમની ઓપનીંગ જોડીએ રંગ જમાવ્યો હતો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકાની મેયર ટીમ અને કમિશનરની ટીમ વચ્ચે આજે રમાયેલ મૈત્રી મેચમાં મેયરની ટીમનો છ વિકેટે વિજય થયો હતો.

આજની આ મેચમાં બન્ને ટીમની ઓપનીંગ જોડીએ તેમના દાવની શરૂઆત સારી કરી અને રમતને રસપ્રદ બનાવી હતી. કમિશનરની ટીમે પહેલાં દાવ લેતાં નિર્ધારીત ઓવરમાં ૯૭ રન બનાવ્યા હતા. મ્યુનિ. કમિશનરશ્રી પાડલિયા અને ડૉ. દિનેશ બારોટની જોડીએ ૬૭ રનની મજબુત પાર્ટનરશીપ નોંધાવી હતી. જો કે આ પછી કમિશનરની ટીમનો ધબડકો થયો હતો.

મેયરની ટીમમાંથી હર્ષજીત પંડ્યાની ઘાતક બોલિંગમાં શરણાગતિ કમિશનરની ટીમે સ્વીકારી લીધી હતી. હર્ષજીતે હેટ્રીક ઝડપી મજબૂત સ્કોર તરફ આગળ વધતી કમિશનર ટીમની કમ્મર તોડી નાંખી હતી. આ પછી દિગ્વીજયસિંહ ચાવડા અને શંકરભાઈ ચૌધરીએ બે-બે વિકેટ ઝડપી હતી.

૨૦ ઓવરમાં કમિશનરની ટીમ ૯૭ રન બનાવી શકી હતી. આ પછી ૯૮ રનના લક્ષ્યાંક સાથે દાવમાં ઉતરેલી મેયરની ટીમે ચાર વિકેટ ગુમાવી આ લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધુ હતુ.

મેયરની ટીમ વતી ઓપનીંગમાં આવેલ હર્ષજીત પંડ્યા અને કાર્તિક પટેલે જોતજોતામાં ૫૦ રનની ભાગીદારી નોંધાવી દીધી હતી. પરંતુ આ પછી કાર્તિક પટેલ આઉટ થયા હતા. ત્યારબાદ શંકર ચૌધરી અને દિગ્વીજયસિંહે પણ સંરક્ષણાત્મક રમત દાખવી ટીમને મજબૂતાઈ આપી હતી. હર્ષજીતે આક્રમક રમત દાખવી ૪૬ રન નોંધાવ્યા હતા.

કમિશનરની ટીમમાંથી મ્યુનિ. કમિશનર શ્રી પાડલિયા, ડૉ. બારોટ, રતિલાલભાઈએ સારી બોલિંગ નાખી મેચને એક તરફી બનતી અટકાવી હતી.

આ મેચમાં અમ્પાયર તરીકે શ્રી બિપીન જોશીએ સેવાઓ આપી હતી. મેચ દરમ્યાન ડે. મેયર શ્રી યુસુફ પરમાર, શૈલેન્દ્રસિંહ બિહોલા, અશ્વિન વ્યાસ, સુરેશ મહેતા સહિતના કાઉન્સીલરો ઉપરાંત બન્ને રાજકીય પક્ષોના આગેવાનો પણ હાજર રહ્યા હતા.

કોંગ્રેસની વિરોધ રેલી માટે શહેરમાં ચાંપતો બંદોબસ્ત

પાંચ જિલ્લાના એસ.પી., ૨૦ ડી.વાય.એસ.પી., ૫૦ પી.આઈ. સહિતના અધિકારીઓ તૈનાત રહેશે : એસઆરપી, મહિલા, ટ્રાફીક પોલીસનો પણ સમાવેશ

ગાંધીનગર, તા. ૨૯

રાજ્ય સરકાર દ્વારા ઘડાયેલા સિંચાઈ અંગેના કાયદાને ખેડુત વિરોધી ગણાવીને ૧ લી એપ્રિલના રોજ કોંગ્રેસે વિરોધ પ્રદર્શન માટે સભા અને મહારેલીનું આયોજન કર્યુ છે. જેને પગલે સે-૬ના મેદાને નવી સત્યાગ્રહ છાવણી ખાતે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. પાંચ જિલ્લાના એસ.પી. તથા ૨૦ ડીવાયએસપી ઉપરાંત ટ્રાફીક, મહિલા, એસઆરપી પોલીસનો ચાંપતો બંદોબસ્ત રહેશે. ઉપરોકત પોલીસ બંદોબસ્તમાં પાંચ વોટર કેનન અને ૩૦ વાહનોનો પણ સમાવેશ થાય છે.

પાણી નિકાલ માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વિધાનસભા સત્રમાં સિંચાઈ અંગેનું બીલ પસાર થયું હતું. આ બિલનો વિરોધ કરવા અંગે વિરોધપક્ષોએ આંદોલાત્મક કાર્યક્રમો આપવાનો નિર્ણય લઈ તે પૈકીનો એક વિરોધ કાર્યક્રમ ૧ લી એપ્રિલે સે-૬ના મેદાનમાં સત્યાગ્રહ છાવણી ખાતે રાખ્યો છે. જેમાં કોંગ્રેસ દ્વારા સભા સંબોધીને વિશાળ રેલી યોજાશે. આ કાર્યક્રમમાં કોઈ અનિચ્છનીય ઘટના બને નહીં તે માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જેમાં પાંચ જિલ્લાના એસ.પી.,

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com